

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગુજ્જુ નિષ્ણાતો ઓળખી, યોગ્ય-પદે લગાડી દીધા,*
*ચા'વાળો પણ થાય ચાણક્ય, વિશ્વાસ જગાડી દીધો,*
*ભૂંસાડી દીધો 'શાંતિપ્રિય-પ્રવાસી' પ્રજાનો થપ્પો -*
*હીરાબાના સપૂતે વિશ્વમાં ડંકો વગાડી દીધો...*
*(જન્મદિન શુભેચ્છા)*

હાઈકુ

*- ને કરી લીધું -*
*આ પુણ્યશાળી પુત્રે,*
*વિશ્વ દર્શન...*

*- ને ગંઠી લીધી,*
*વિશ્વ-નેતાઓ સાથે -*
*મૈત્રીની માળા*

*(આજ સુધીની ઉપલબ્ધિઓ)*

### ચિંતન

**અવસર પઠિતા વાણી ગુણગરણ રહિતાપિ શોભતે પુસાંમ ।**
**રતિ સમયે રમણીનાં ભૂષાહાનિર્વિ ભૂષણં ભવતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

પ્રસંગ પર, પ્રસંગને અનુકૂળ વાણી ભલે તદ્દન-સરળ-નિખાલસ, ઉપમાઓ અલંકારો કે ભાષાની ભભક વિનાની હોય તો પણ યોગ્ય સમયે બોલેલી 'સાદગી' ભાષા સારી લાગે છે.

આ વાત સમજાવવા દૃષ્ટાંત આપતાં રસિક કવિ કહે છે કે જેમ રતિ સમતે રતિક્રીડામાં પ્રેમીઓ ને આભૂષણ-વસ્ત્રો-ઘરેણાં કાઢી નાખવાં એ જ રમણીયો માટે વિશેષ ભૂષણ રુપ બની જાય છે.

કોઈના બેસણાં કે અવસાન સમયે મૃતક માટે કે તેના પરિવારને આશ્વાસન માટે જે શબ્દો કહેવાના હોય તે સરળ-નિખાલસ-હૃદયપૂર્વકના હોવા જોઈએ. એ પ્રસંગે ભાષાની ભભકની જરુર નથી. સાદી ભાષા જ અસરકારક બને છે.

### સુવિચાર

- યુવાનો બધા નિયમો ભલે જાણે, પરંતુ વડીલો નિયમો ઉપરાંત અપવાદો પણ જાણતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તાડના ઝાડ જેવા બનવામાં કદાચ શ્રીમંત કે બળવાન બની શકાય પણ વડના ઝાડ જેવા બનવામાં સજ્જન સંત બનવાનું સદ્‌ભાગ્ય છે - **અમૃતબિંદુ**
- બુદ્ધિને સારું જાણવામાં રસ છે, અને હૃદયને સારું જીવવામાં રસ છે, આ બંને વાત આંખ સામે જીવજો - **ડોંગરેજી**
- ભૌતિક જગતમાં જે તમારી પાસે છે, તેના તમે માલિક, જયારે આધ્યાત્મિક જગતમાં જે તમે છોડીશકો, તેના તમે માલિક - **જનકલ્યાણ**
- જીવનનો વિકાસ, પ્રાપ્તિને એટલો નથી નથી બંધાયેલો, જેટલો પાત્રતાને બંધાયેલો છે - **વજુ કોટક**
- સારા-ખરાબનો વિવેક જાગૃત ન થયો હોય એનું નામ છે સ્વછંદતા - **આચાર્ય જીનચંદ્રવિજયજી**
- આજનું ઔષધ : લીમડાના પાનને પીસી તેમાં ગોળ ભેળવી ગુમડા પર લગાવવાથી ગુમડું તરત રૂઝાઈ જાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ચોરનું મન બાવડિયે, દૃષ્ટિ એવી સૃષ્ટિ, વિષય-સંસ્કાર વ્યવસાય પ્રમાણે કોઈ પણ સંદર્ભ-વસ્તુ-બાબતે બધાને અલગ-અલગ વિચાર આવે... કલાકારને થડમાં મૂર્તિ દેખાય, સૂતારને સાધન...

શાંતિનિકેતનમાં વહેલી સવારે ગાંધીજી-ટાગોર બાગમાં ફરતા હતા. ગુલાબના છોડ પર મોટાં મોટાં ગુલાબ પર ઝાકળબિંદુ જોઈ બંનેના પગ થંભી ગયા.

ટાગોર કહે - ગુલાબ પરના આ ઝાકળબિંદુ જોઈ મારી કલ્પનામાં કવિતા થનગનાટ કરવા લાગી છે એથી હું અટક્યો, મિ. ગાંધી તમને આ દશશ્ય જોઈ શું વિચાર આવ્યો?

ગાંધીજી કહે - હું પણ ખરેખર એટલે જ થોભ્યો પણ મને એ ગુલાબ જોઈ ભારતના ગરીબ બાળકના રતુંબડા ગાલ પર આવું જ ખીલતું - તાજું સ્મિત ટપકતું ઝાકળબિંદુ હોય તો કેવું સારું ?!

# ઘર ફૂટ્યે ઘર જાય!

વરિષ્ઠ નેતાઓની ઈચ્છા વિરુદ્ધ પુત્ર અખિલેશનો રાજયાભિષેક કરતાં શરુ થયેલી ભારેલા અગ્નિ સમી ઉત્તરપ્રદેશની 'યાદવાસ્થળી' છેલ્લા કેટલા સમયથી એની પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. દેશના સૌથી મોટા રાજય પર પોતાની જ્ઞાતિના બળ પર કબજો મેળવનારા મુલાયમસિંહ યાદવ ઉત્તરપ્રદેશમાં 'નેતાજી'ના હુલામણા નામે ઓળખાય છે. તેઓ સમાજવાદી વિચારદારાના પ્રણેતા જયપ્રકાશ નારાયણ ડૉ. રામમનોહર લોહિયાને અને કિસાન નેતા ચૌધરી ચરણસિંહને પોતાના આદર્શ માનતા હોવાનું કહેવાય છે. ડૉ. રામમનોહર લોહિયાએ તો દેશસેવા પાછળ જિંદગી કુરબાન કરી દીધી હતી. એમણે લગ્ન નહોતાં કર્યા. જયપ્રકાશ નારાયણે લગ્ન કર્યા છતાં પત્ની પ્રભાવતીની ઈચ્છાને માન આપી ઘરસંસાર નહોતો માંડ્યો. મુલાયમસિંહ મૂળે પહેલવાન હતા. હાઈસ્કૂલમાં અંગ્રેજીના શિક્ષક તરીકે નોકરી કરનારા આ યાદવ નેતા ઉત્તરપ્રદેશની પ્રજાની નાડ પારખીને હિંદી અને ઉર્દૂની મહત્તા સ્વીકારી એથી એ ખૂબ જ લોકપ્રિય બન્યા. જયપ્રકાશની ચળવળ પણ એમણે મળી. ઉત્તરપ્રદેશમાં મુસલમાનોની મોટી વસતિ છે. મુલાયમસિંહે આ લઘુમતી વર્ગના મસીહા તરીકેની ઈમેજ ઊભી કરીને એવું રાજકીય સમીકરણ રચ્યું કે એમનો યાદવ સમાજ અને મુસ્લિમો એમનો પડ્યો બોલ ઝીલતા થઈ ગયા. વર્ષોથી જામી પડેલી કોંગ્રેસ હાંસિયે ધકેલાઈ ગઈ. કોંગ્રેસની વોટબેંક ગણાતા મુસલમાનો મુલાયમને મસીહા માનવા લાગ્યા અને કાંશીરામે દલિતોના સહકારથી બહુજન સમાજ પાર્ટી ઊભી કરી. ભારતીય જનતા પાર્ટીએ સવર્ણ હિંદુઓ અને જમીનદારો તથા વેપારીઓના સહયોગથી શરુઆત કરી અને છેલ્લે અયોધ્યાનો વિવાદાસ્પદ બાબરી મસ્જિદ નામે ઓળખાતો ઢાંચો ધ્વસ્ત કરી દેશભરમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવામાં સફળતા મેળવી. તેમ છતાં, ભારતીય જનતા પાર્ટી પોતાના બળ પર ઉત્તરપ્રદેશમાં સુવાંગ બહુમતી મેળવવામાં નિષ્ફળ જ રહી છે. મુલાયમસિંહની સમાજવાદી પાર્ટીનો સંપૂર્ણ દોર એક જ પરિવાર હસ્તક છે, તે સૌ જાણે છે. છેલ્લે જયારે રાષ્ટ્રીય સ્તરે 'નેતાજી' ત્રીજા મોરચાના નામે વડાપ્રધાન બની જવાનાં સપનાં જોતા હતા ત્યારે ઓચિંતુ મોદી વાવાઝોડું ફૂંકાતાં એમની ચિરકાલીન મહેચ્છા અધૂરી જ રહી ગઈ હતી. પુત્ર અખિલેશના હવાલે કરેલું ઉત્તરપ્રદેશનું રજવાડું પણ હવે હાથમાં રહે એવી શક્યતા ઘટી ગઈ છે. ચૂંટણીના થોડાક જ

**તંત્રીસ્થાનેથી...**

મહિના બાકી છે ત્યાં કાકા-ભત્રીજા વચ્ચેનો વિવાદ એ હદે વકર્યો છે કે શિવપાલ યાદવે પાર્ટીના પ્રમુખ તેમજ મંત્રીપદેથી રાજીનામું આપી દીધું છે. મુલાયમસિંહના લાખ પ્રયાસ છતાં કાકા-ભત્રીજા વચ્ચેનો વિવાદ શમવાનું નામ લેતો નથી. ઉત્તરપ્રદેશના નામીચાં ગુંડાઓને પાર્ટીમાં સામેલ કરવાથી પાર્ટીની ઈમેજ બગડશે એવા મુખ્યમંત્રી અખિલેશ યાદવના અભિપ્રાયને અવગણીને શિવપાલ યાદવે એમનું ધાર્યું કરાવ્યું હતું. પ્રજા આ બધા ખેલ નરી આંખે જોઈ રહી છે. અનેક પ્રકારના કૌભાંડો ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી હદે કથળી ગઈ છે કે આગામી ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી ચિત્રમાં રહેશે કે કેમ તે સવાલ છે. બહુજન સમાજવાદી પાર્ટી તો માત્ર ભાજપને જ હરીફ ગણીને ચાલે છે બીજી તરફ તરફ કોંગ્રેસ પણ બેઠી થવા પ્રયાસ કરી રહી છે. રાહુલ ગાંધી આદુ ખાઈને પ્રચારઝુંબેશમાં લાગી ગયા છે. સૌથી ખરાબ સ્થિતિ શાસક સમાજવાદી પાર્ટીની છે, જેને યુવા નેતૃત્વની મોટી આશાઓ સાથે સત્તા પર બેસાડનારી પ્રજા હવે સ્વાભાવિક રીતે જ ભારે મૂંઝવણ અનુભવી રહી છે. આખરે ઘરે ફૂટ્યે ઘર જાય તો નવાઈ નહીં!

# એવું ન કહેવાય કે ખાદીની અછત થાય ત્યારે ખાદી મોંઘી પડે છે

**ખાદીના નામે મિલનું કપડું વેચતા ભ્રષ્ટ વેપારીઓને મહાત્મા ગાંધીની વિનંતી**

આ દેશમાં ગાંધીજી હયાત હતા ત્યારે પણ ભેળસેલીયા અને ભ્રષ્ટાચારી વેપારીઓ હાજર હતા. ખાદ્ય-ચીજવસ્તુઓમાં તો વેપારી ભેળસેળ કરે છે પણ ખાદી જેવા સામાજિક અને આર્થિક ઉત્થાનના ગાંધી વિચાર કાર્યમાં પણ તે સમયના વેપારીઓએ ભ્રષ્ટતા આચરી હતી. ખાદીની પ્રવૃત્તિ વેગ પકડતી જતી હતી એ સમયે આ વેપારીઓએ ખાદીના નામે મિલનું કપડું વેચવાનું કામ શરુ કર્યું હતું.

ખાદી કાર્ય સાથે સંકળાયેલા ગાંધીવાદી શંકરલાલ બેંકર પાસેથી મળેલી માહિતી અને પોતાની જાત તપાસનો ચિતાર આપતા ગાંધી આ મુદ્દે લખે છે : જેને નથી દેશની દાઝ, નથી પોતાની લાજ, પણ જેને માત્ર જેમ તેમ કરીને પૈસા જ કમાવા છે તેવા વેપારી ગમે તેવી ખાદી લેવા ઈચ્છે છે, ને ખાદીને નામે બે રૂપિયાનું મિલનું કપડું આઠ રૂપિયાના ભાવે વેચતા આંચકો નથી ખાતા. આ વેપારીઓથી બચાવવાના ઈરાદાથી ખાદીધારીઓને ચેતવતા ગાંધીજી કહે છે; મારી ઉમેદ છે કે ચરખા સંઘે જેને પ્રમાણપત્ર ન આપ્યું હોય એવે ઠેકાણેથી કોઈ ખાદીને નામે વેચાતું કપડું નહીં લે. જે બહિષ્કારની રીત પૂરી સમજી ગયા છે ને જે જાણે કે ખાદી વિના બહિષ્કાર નથી જ તેઓ ખાદી ન જ મળે તો રાહ જુએ પણ ઉતાવળ કરીને છેતરાઈને ખાદીને નામે બીજું કપડું ન પહેરે. ભ્રષ્ટાચારી વેપારીઓની સાંઠગાંઠ તોડવા માટે ખાદીની પ્રચારક એવા ખુદ ગાંધી 'ખાદી ન મળે તો રાહ જુએ' - એમ સમજાવતા વેપારીઓની નીતિનો ભોગ નહીં બનવા કહે છે.

પોતે બતાવેલી નવી રીતના કારણે થોડા દિવસોમાં ખાદીનો ઢગલો થઈ જશે એવી આશા વ્યક્ત કરતાં ગાંધીજી કહે છે, ખાદી પહેરનાર સૂતર કાંતે ને કંતાવે, કંતાવનાર જાણીતી બજારમાંથી સૂતર ન ખરીદે, પણ નવાં કાંતનાર પેદા કરે તો બજારમાં આપોઆપ ખાદી સરળતાથી આવી શકશે. આવી સરળતા માટે તેઓ પાંચ બાબત ટાંકે છે જેને લાગુ પાડવામાં આવે તો ખાદી બજારનો પ્રશ્ન પણ ઉકેલી જાય તેમ તેઓ વિચાર વ્યક્ત કરે છે, આ પાંચ મુદ્દાઓ જોઈએ :

(૧) પોતે કાંતે (૨) પોતાનાં સગાં પાસે કંતાવે, (૩) પોતાનાં પડોશી પાસે કંતાવે, (૪) પોતાની આસપાસનાં ગામડાંમાં નવે રેંટિયા વસાવે અથવા તકલીથી કંતાવે, અને (૫) પોતાની અસરમાં રહેલી નિશાળો વગેરેમાં રહેતાં બાળખો અને શિક્ષકો પાસે કંતાવે. આ પાંચ વ્રતની જેમ પાળવા ગાંધીજી કહે છે.

આ તો મેં કેટલાંક ક્ષેત્રો જ ગણાવ્યાં. આ ત્રીસ કરોડની વસ્તીવાળા દેશમાં કપાસ પીંજાવનારા ને સૂતર કંતાવવાના અસંખ્ય રસ્તાઓ મળી આવે ને બધાં જાણનાર




ભાઈબહેનો મહેનત કરે તો દેશનો રંગ બદલાઈ જાય એને વિશે મારા મનમાં મુદ્દલ સંદેહ નથી. એમ વિશ્વાસ વ્યક્ત કરે છે.

લાલચુ વેપારીઓને મારી વિનંતી છે કે તેઓ ખાદીને પોતાની લાલચના ક્ષેત્રથી દૂર રાખે. તેઓ ખાદીનો વેપાર જ ન કરે; ને કરે તો શુદ્ધ ખાદીનો જ ને પ્રામાણિકપણે કરે. ખાદીને વિશે એવું ન કહેવાઓ કે ખાદીની અછત સંભવે જ નહીં. રૂ ઘરનું ને કસબ ઘરનો પછી અછત શાની ? આજે તો આપણે દેવાળિયાનો વેપાર કરીએ છીએ. રૂ ઘરમાં હોવા છતાં તેને પરદેશ મોકલીએ છીએ, હાથનો ધંધો છતાં હાથને આળસુ કરી પરદેશથી મગાવીએ કાપડનો પહેરીએ છીએ. આ જાગૃતિને એને શુદ્ધિને સમયે આપણી મંદતા છોડી આપણે ઉદ્યમી થઈ વિદેશી કાપડનો બહિષ્કાર ખાદી વાટે સંપૂર્ણ રીતે સફળ કરીએ.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૩, ખાદી વિશે સાવચેતી, પૃષ્ઠ : ૪૨૦-૪૨૧, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# ...તો કોઈને કાંઈ વાંધો ન હોવો જોઈએ

"મિ. શ્રોફ ગુસ્સે થઈ ગયા. ગુસ્સામાં ને ગુસ્સામાં તેઓ મારી જ દેશે એમ લાગ્યુ પરંતુ એક ગંદી ગાળ દઈને સમસમીને બેસી ગયા."

આ પ્રકારનો કિસ્સો માત્ર એક જ નથી. દિવસભરની દિનચર્યામાં ગુસ્સે થવાના અનેક કિસ્સા બનતા હોય છે. જેમાં વ્યકિત મારા મારી પર આવી જાય છે. પરંતુ મોં માંથી ગાળો બોલીને પોતાનો ગુસ્સો સામી વ્યકિત પર ઉતારી દે છે. ગાળ બોલવાથી ગુસ્સો ઉતરી જાય છે ખરો પણ મારામારી કે મોટી બબાલમાંથી ઉગરી જવાય છે. કહેવાય છે ને કે તલવારનો ઘા સોયથી પત્યો એમ છુટ્ટા હાથની મારામારી એક ગાળથી પતી ગઈ.

શું ગાળ એ ગુસ્સો ઉતારવાની કોઈ પધ્ધતિ તો નથીને ? વ્યકિત ગમે તેટલો ગુસ્સે થયેલો હોય, જો હાથમાં તલવાર હોય તો ઘા કરી દે અને બંદૂક હોય તો ગોળીએ દઈ દે પરંતુ એમ કરવાને બદલે એ વ્યકિત માત્ર એકાદ ગાળ દઈને અથવા ગાળાગાળી કરે છે પરિણામે દુર્ઘટના થતી અટકે છે. નૈતિક રીતે જોવા જોઈએ તો મારામારી કરવી બરાબર નથી અને ગાળો ભાંડવી પણ ઉચિત નથી. પણ જો ઝઘડો યુધ્ધમાં પરિણમે અને મારામારી કાપાકાપી થાય તેના બદલે જો ગાળાગાળી કરવાથી યુધ્ધ અટકી જતુ હોય તો ગાળાગાળી કરવી સમજદારી ગણાશે. જો ગાળ દઈ દેવાથી ગુસ્સો ઉતરી જતો હોય અને યુધ્ધ અટકાવી શકાતુ હોય તો મારા મતે ગાળો દેવી ઉચિત ગણાવું જોઈએ.

પતિ-પત્નિના છૂટાછેડા ટાળી શકાતા હોય, બાળકોને છુટા પડતાં બચાવી શકાતા હોય, મારામારીને ખુનામરકી અટકાવી શકાતી હોય, વ્યકિતનો ગુસ્સો શાંત પાડી શકાતો હોય તો બે-ચાર ગાળો ખાઈ લેવામાં કે દઈ દેવામાં કાંઈ જ ખોટું નથી. ગીલ્ટી ફીલ કરવાને બદલે ગાળોનો છૂટથી ઉપયોગ થવો જોઈએ.

ઈતિહાસ સાક્ષી છે કે યુધ્ધ અટકાવવા માટે સૌથી વધુ બુધ્ધિશાળી અને ચતુર માણસોને વિષ્ટી કરવા માટે શાંતિદૂત તરીકે મોકલવામાં આવતા હતા. ગમે તે થાય, ચર્ચા થાય, ગુસ્સો ઠલવાય, બે-ચાર પ્લસ-માઈનસ થાય પણ યુધ્ધ અટકવું જોઈએ. યુધ્ધ અટકાવવા જેવું ઉત્તમ કાર્ય બીજુ એકેય નથી.

સામાજીક સંબંધો તૂટતા અટકી જતા હોય, મિત્રતામાં થયેલી ગેરસમજો ઉકેલાઈ જતી હોય કે પછી દંપતિના છુટા પડવાના નિર્ણયો ફેરવી શકાતા હોય તો ગાળ આપવી કે ગાળ દેવી એ ગુનો ગણી શકાય નહિ પરંતુ પુણ્યનું કાર્ય ગણાવું જોઈએ. ગામ આખુ બળતુ હોય અને કશું જ બચાવી શકાય તેમ ન હોય ત્યારે જો એકાદ ઘર પણ બચાવી શકાતું હોય તો પ્રયત્ન છોડવો જોઈએ નહિ.

ગાળ એ શું છે ? આમ જોવા જઈએ તો આપણા ગુપ્ત અંગોનો ઉલ્લેખ સિવાય બીજુ કશું જ નથી. સ્ત્રીપુરુષના ગુપ્તાંગોને જાહેરમાં તળપદી ભાષામાં ઉચ્ચારણ કરવું એટલે ગાળ આપી કહેવાય. 'ગધેડો' એ પ્રાણીનું નામ છે. જે કોઈએ સફેદ રંગના આ પ્રાણીને પ્રથમ વખત 'ગધેડો' નામકરણ કર્યું હશે ત્યારથી આજ સુધી સફેદ રંગનાઆ પ્રાણીનો ગધેડો તરીકે નામોલ્લેખ થાય છે. બળદનો નામોલ્લેખ 'બળદીયા' તરીકે કરવામાં આવે છે. ઊંટ, હાથી, વાઘ, સિંહ,રીંછ, ઘેટું વગેરે ને બાકાત રાખવામાં આવ્યા છે. ગાળ આપવા માટે પુલ્લીંગ પ્રાણીઓનો વધુ ઉપયોગ થયેલો જણાય છે. કેમ કે ગાય, ભેંસ, બકરી, ઊંટડી, વાઘણ વગેરેનો કયારેય ગાળ તરીકે ઉપયોગ થયો હોય તેવું ધ્યાનમાં નથી. છતાં પ્રાણીઓના ઉલ્લેખ સાથેની ગાળ પ્રમાણમાં નિર્દોષ ગણાય છે.

પ્રજનન ક્રિયાને જાહેરમાં તળપદી ભાષામાં બોલીને ગાળ તરીકે ખપાવવામાં આવે છે. ગુપ્તાંગોના નામોલ્લેખની સાથે સાથે મા, બહેન, પતિ-પત્નિ વગેરેના અગત્યના અને મહત્ત્વના સંબંધોને જોડી દેવાથી ગાળનુ વજન બમણુ થઈ જાય છે. એટલે ગુપ્તાંગોનો ઉલ્લેખ કયા સંબંધને લઈને જોડવાનો અને ઉલલેખવામાં આવ્યો છે તે મુજબ ગાળનુંપ્રમાણ મોટુ કે નાનુ પ્રમાણવામાં આવે છે. વ્યકિતએ વ્યકિતએ આ પ્રમાણ જુદુ હોઈ શકે છે. ગાળ ગંદી છે કે સ્વચ્છ છે તેનુ પણ થોડું એવું જ. ઉપર જણાવ્યા મુજબની ગાળો ના પ્રકારો ઉપરાંત મેઈલ અને ઈન્ટરનેટના આ યુગમાં કેટલાક નવા શબ્દો ઉમેરાયા છે. તે ફરી કયારેક.




કેટલીકવાર એમ પણ બને છે કે એક સાવ સાદાને સરળ વાક્યનો કટાક્ષ કરવામાં આવે તો એ સાંભળનારને ગાળ જેવું જ ભાસે છે. ગાળનો (સદ્)ઉપયોગ આમ તો અન્યનું અપમાન કરવા માટે વપરાય છે. સામેની વ્યકતનું અપમાનનું સ્તર કેવું અને કેટલું છે તેને આધારે તે કયા પ્રકારની ગાળ ખમી શકે અથવા તેનુ અપમાન થઈ શકે તે વાત નિર્ભર છે. કોઈનું અપમાન કરવું એટલે તેના અહમ્ ને ઠેસ પહોંચાડવી એમ અર્થ થાય. ઉદાહરણ તરીકે વર્ગની અંદર કેટલાક શિક્ષકો બાળકોનું અપમાન કરવાની ટ્રીકો અપનાવતા હોય છે. બાળકોનું -કોઈનું પણ અપમાન કરવું એ કાયદાકીય રીતે ગુનો બને છે.

શિક્ષક કેટલાક વિદ્યાર્થીઓને ફટકારે છે તો કેટલાકને શબ્દોથી તો કોઈ વિદ્યાર્થીને સમગ્ર કલાસ વચ્ચે માત્ર ઊભો રાખવાથી તેનુ અપમાન થાય છે. આમ દરેકના અપમાનના સ્તર જુદા જુદા હોઈ શકે છે.ગાળો આપવી ને અન્યનું અપમાન કરવું એ સજજન વ્યકિતઓની નિશાની નથી. છતાં જો યુધ્ધ ટાળી શકાતુ હોય, છુટાછુડા અટકાવી શકાતા હોય, મારામારી-ખુનામરકી અટકાવી શકાતી હોય અને સમસ્યાનું નિરાકરણ આવતુ હોય તો ગાળ આપવા કે દેવામાં વાંધો નથી!

મિસરી

લમ્હા લમ્હા પલકી સોચ
આજ નહીં તો કલ કી સોચ
કયું બેઠા હૈ માયુસ હોકર
ઉલઝન હૈ તો હલ કી સોચ

- માસૂમ મોડાસવી

# સાહિત્યસભામાં 'શબ્દ સમીપે રહેવાનો આનંદ'

ગાંધીનગર સાહિત્યસભાવૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, ગરવી ગુર્જરનીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખી, તેને ચોમેર મધમધતું - ફોરતું રાખવા અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે, તે પૈકીના એક કાર્યક્રમ 'સર્જકની કૈફિયત' અંતગર્ત, ગાંધીનર સાહિત્યસભાના સભ્ય અને કવિ ભરત પાઠક 'નયન'ના કાવ્યસંગ્રહ 'છેવટે લખવું પડ્યું'ની કૃતિઓનો સ્વમુખે પઠન કાર્યક્રમ તથા ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય અને્ અગાઉ દિવ્ય ભાસ્કરમાં પ્રસિદ્ધ થયેલ અને હાલમાં પણ 'સંદેશ' દૈનિકમાં પ્રગટ થતી કટાર 'ખુલ્લી વાત ખુલીને' ના લેખક મનોજ શુક્લનો 'શબ્દ સમીપે રહેવાનો આનંદ' વિષય પરત્વેના વકતવ્યનો કાર્યક્રમ પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને તા. ૧૧-૯-૨૦૧૬ના રોજ સંપન્ન થયો.

કાર્યક્રમમાં મહેમાન ભરત પાઠકનું સ્વાગત પુષ્પગુચ્છથી ઉપપ્રમુક સુરેશ ભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા મોમેન્ટે આપી સંભારણાંની કેડી કંડારવામાં આવી. ભરત કવિ લિખિત કાવ્યસંગ્રહ અર્પીને સહમંત્રી રમણભાઈ શ્રીમાળીએ બહુમાન કર્યું. મહેમાન મનોજ શુક્લનું સ્વાગત કારોબારી સભ્ય ડૉ. સોમભાઈ પટેલ દ્વારા પુષ્પગુચ્છથી કરીને, મોમેન્ટો આપી, યાદનાં વાવેતર કરવામાં આવ્યા અને કારોબારી સભ્ય સુમનભાઈ શાહ દ્વારા ભરત કવિનો કાવ્યસંગ્રહ અર્પી બહુમાન કર્યું. સપ્ટેમ્બર માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે, તેવા સભ્યોની નામાવલી રજૂ કરી સર્વેને શુભકામનાઓ સાથે મુબારકબાદી પાઠવવામાં આવી.

કવિ ભરત પાઠકે તેમની ગીત-કાવ્ય-ગઝલને તેમના આગવા અવાજમાં રજૂ કરી.

● કટારલેખક અને સાહિત્યકાર મનોજ શુક્લએ 'શબ્દ સમીપે રહેવાનો આનંદ' એ વિષયે તેઓએ શબ્દને સર્વસ્વ ગણતાં જણાવ્યું કે, તેમની પાસે તેઓની ચારધોરણ ભણેલી બા પાસેથી મેળવ્યો છે. તેઓ ભરવાડ, મુસલમાન, કાછીયા, ખાટકી જેવી કોમોની વચ્ચે રહેતા હતા જયા સંસ્કારની ઉણપ વર્તાય. પરંતુ પોતે પ્રશ્નોત્તરા નાગર બ્રાહ્મણ હોવા છતાં, આ બાબત કયારેય આડે આવી નથી. તેનું મુખ્ય કારણ એમાનાં સંસ્કારભર્યા શબ્દોનો પ્રતાપ - મા કહેતી હતી, બેટા ગભરાવાની જરુર નહીં, કારણ કે 'સતી શ્રાપ દે નહીં, રાંખણીના લાગે નહીં. શબ્દ એ વેન્ટીલેટર છે, અંદરનો ઘૂઘવાટ વલોપાત, દુઃખ ધોરાયા કરે ત્યાં શબ્દનો સાક્ષાત્કાર થાય. તેમણે જણાવ્યું કે ભાવનગરના માસ્ટર હાડવૈદ્ય શ્રી કલ્યાણભાઈની કરણીએ તેમના ઉપર મોટી અસર કરી. તેઓ કામગીરીનો ફક્ત એક રૂપિયો લેતા. વરીયા હરીભાઈ, તેમનાં માતૃશ્રીની બિમારી માટે પ્લેનમાં મુંબઈ લઈ ગયા અને પરત પ્લેનમાં મૂકી ગયા, પરંતુ ઉતરતાં તેમણે ફક્ત એક રૂપિયો જ ફી લીધી. કારણ કે, હાડવૈદ્ય કલ્યાણભાઈમીલ મજૂર હતા અને મીલ મજૂરીથી વધુ ન ખપે તે તેમનો જીવનમંત્ર હતો.'

શબ્દયાત્રામાં શુક્લએ જણાવ્યું કે તેમણે ફૂલછાબમાં 'યૌવન માંડે વાત' લખવાનું શરુ કર્યું. ત્યારબાદ ગાંધીનગર સમાચારમાં લખવાનું શરું કર્યું. તેમણે ગુજરાત સમાચારમાં સરકારની વિરુદ્ધ 'શ્વેત કામદેવ' ના નામથી લખવાનું શરુ કર્યું. તેમણે કહ્યું કે કોઈ પણ જાતની અપેક્ષા કે એપ્રીસીએશન વગર લખવું; પરંતુ લખતા રહેવું. કારણ કે બોલો છો એ હવામાં ઊડી જશે, લખો તો ટકશે. આમ તેઓએ શબ્દોનો સાક્ષાત્કાર કર્યો. લખાણમાં કેટલી તાકાત હોય છે તે બાબતે જણાવ્યું કે, પ્રેમમાં નિષ્ફળ ગયેલી એક દીકરી, તેમણે દિવ્યભાસ્કરમાં દીકરી ઉપર લખેલ પત્ર વાંચીને તેમણે રુબરુ મળી અને આ પત્રની અસર તળે તેનો જીવનરાહ બદલાઈ ગયો, જે હાલમાં સર્વાંગે સુખી છે. તેમણે વ્યાપક અનુભૂતિ અને અનુભૂતિની સચ્ચાઈ વિષે જણાવ્યું કે 'ભલે કંઈ ખૂટે, તૂટે પણ લખતા રહો, શક્ય છે આ માર્ગે આગળ જતાં ઈશ્વર મળે.'

કવિની રચનાઓ અને શબ્દ સમીપેના ફાયદાની બાબતો સર્વેએ ખૂબ જ વખાણી અને મનભર માણી.

● રઘુવીરને તિલક

દેશના સર્વોચ્ચ સાહિત્ય જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ડૉ. રઘુવીર ચૌધરીનું અભિવાદન કરી, તેઓને નગર અને ઘર આંગણે પાંખવાનો અમૂલ્ય અવસર ગાંધીનગર એજ્યુ. ફાઉન્ડેશન, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર, એમ.પી.ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર સાહિત્ય સભા અને અખિલ આંજણા સેવા મંડળ, માણસાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦-૦૯-૨૦૧૬ના રોજ ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે અનોખી રીતે ઉજવાઈ ગયો.




આ અનન્ય અવસરની શરુઆત પ્રાર્થનાથી થઈ. ત્યારબાદ તેઓ રચિત ગીત અને કથ્થક નૃત્ય રજૂ કર્યું. શાબ્દિક સ્વાગત હરિભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. માન. રાજયપાલનું બુકેથી સ્વાગત કિરીટભાઈ અધ્વર્યુ, મોહન મોતીભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. મુખ્યમહેમાન મનસુખ સલ્લાનું બુકેથી સ્વાગત સાહિત્ય સભાના ઉપપ્રમુખ સુરેશભાઈ ભટ્ટ તથા મોતીભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું.

ડૉ. રઘુવીરનાં ધર્મપત્ની પારુલબેનનું બુકે અને શાલ ઓઢાણીને ઉષાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. દીપ પ્રાગટ્ય પછી સમારોહની પ્રસ્તાવના કૃષ્ણકાન્ત જહા, અધ્યક્ષ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજૂ કરવામાં આવી. મણીભાઈ ચૌધરીએ ડૉ. રઘુવીર ચૌધરીના જીવન-કવનની માહિતી આપી, ભારત સરકારના સાહિત્યના સર્વોચ્ચ સન્માન ૫૧મો જ્ઞાનપીઠ એવોર્ડ મેળવવા બદલ ગુજરાતના ગૌરવ સમા લેખક, કવિ, વિવેચક અને ચિંતક તથા તમામ સ્વરુપોમાં ખેડાણ કરી ૧૫૦ પુસ્તકો લખનાર અને દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર, કુમાર ચંદ્રક, ઉમા - સ્નેહરશ્મિ પારિતોષિક, સૌહાર્દ સન્માન ઉત્તરપ્રદેશ, ગૌરવ પુરસ્કાર, ગુજરાત રાજય, ક.મા. મુનશી એવોર્ડ, દર્શક એવોર્ડ, ગોવર્ધનરામ એવોર્ડ, પંડિત રાહુલ સાંસ્કૃત્યાયન પુરસ્કાર, સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા આજીવન ફેલોશીપ મેળવનાર એક અદના ભારતીય અસ્મિતાને ઉજાગર કરનાર કહી નવાજ્યા. તેમને અપાનાર સન્માનપત્રનું વાંચન બેચરભાઈ ચૌધરી, માણસા દ્વારા કરવામાં આવ્યું, મહામહિમ રાજયપાલ ડૉ. ઓ.પી. કોહલીજી દ્વારા ડૉ. રઘુવીર ચૌધરીને ભાલે તિલક કરી, અક્ષત ચોંડી, સન્માનપત્ર એનાયત કરી, શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું.

સર્વે સંસ્થાઓને એકત્રિત થઈને મહાપુષ્પ માળાથી સન્માન કર્યું. ગાંધીનગર સાહિત્યસભા ઉપપ્રમુખ, મંત્રી વગેરે દ્વારા મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું. ચૌધરી સમાજે શાલ અર્પણ કરી બહુમાન કર્યું. અન્ય મહાનુભાવોએ આંટીથી સ્વાગત કર્યું. કલે. સતીશ પટેલ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું રાજયપાલ દ્વારા, મનસુખ સલ્લા અને રઘુવીર દ્વારા ઉદ્‌બોધન બાદ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખે આભાર વિધિ કરી.

- muljibhaidadhi@gmail.com